જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૫/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૧૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૯૨	૧	૧૧૪૯૩	૧૭૬૧૧	૧	૧૭૬૧૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૩	૦	૮૩	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૮૫૩૧	૩૫૦	૪૮૮૮૧	૪૯૨૪૪	૩૩૯	૪૯૫૮૩
કુલ		૬૪૮૧૪	૩૫૧	૬૫૧૬૫	૭૩૩૯૯	૩૪૦	૭૩૭૩૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૮	૧,૮૮,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૧૧	૨૦,૧૧,૦૦૦/-

ઘરફોડના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

ગણતરીના કલાકોમા એક આરોપીને રૂપિયા ૮૨,૦૦૦/- મુદ્દામાલ સાથે પકડી પાડી ઘરફોડ ચોરીના ત્રણ ગુના શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૨૦/૦૫/૨૦૨૧ ના કલાક ૨૦/૧૫ વાગે બંગાળીવાસ ચોકમાથી એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ તથા લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી આરોપી જીનાર લુથફર જાતે મુલ્લા ઉ.વ ૨૧ રહે સિયાસતનગરના કાચા છાપરા બંગાળીવાસ ચંડોળા તળાવ ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી તેની પાસેથી જુદીજુદી કંપનીના મોબાઇલ ફોન નંગ-૮ કુલ કિંમત રૂપિયા ૮૨,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૧૧૬૭૬/૨૦૨૧ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ તથા પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૧૧૬૭૭/૨૦૨૧ ઇપીકો કલમ ૩૮૦ તથા પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૧૧૬૯૫/૨૦૨૧ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબના ગુના શોધી કાઢેલ છે તા.૨૪/૦૫/૨૦૨૧



પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પીસીબી

“ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ રહેણાંકના મકાનમાંથી વિદેશી દારુની બોટલ નંગ-૨૨૯ કિ.રૂ.૯૪,૧૧૯ /- સાથે કુલ રૂપિયા ૨,૨૦,૧૪૯/- મુદામાલ સાથે ચાર આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે તથા પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી ના માર્ગદર્શન હેઠળ આજરોજ રોજ સ્ટાફના મસઈ જશવંતસિહ બળદેવસિહ, અહેકો વિજ્યસિહ હિન્દુજી, અહેકો રાજેંન્દ્રસિહ જીવતસિહ, અહેકો પ્રિયવદન જયંતીલાલ, અપોકો વિજયસિહ પૃથ્વીસિહ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો વિજયસિહ હિંદુજી તથા અહેકો રાજેંન્દ્રસિહ જીવતસિહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે આરોપી આરોપી ભરત ઉર્ફે બચ્ચન પરસરામ મરાઠી ના કબ્જા ભોગવટાવાળા મકાન મ.ન.૧૪ ન્યુ કમલેશ પાર્ક સોસાયટી, ઈંડીયન ઓક્ષીજ્ન ની સામે, અર્બુદાનગર ઓઢવ અમદાવાદ ખાતે પંચો સાથે રેઈડ કરી ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ ૨૨૯ કિ.રુ૯૪,૧૨૯/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૨,૨૦,૧૪૯/-ના મુદામાલ સાથે ચાર આરોપીઓ ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી ઓઢવ પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૩૭૨૧૦૭૪૮.૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) ભરત ઉર્ફે બચ્ચન પરસરામ મરાઠી રહે.મકાન મ.ન.૧૪ ન્યુ કમલેશ પાર્ક સોસાયટી, ઈંડીયન ઓક્ષીજ્ન ની સામે, અર્બુદાનગર ઓઢવ અમદાવાદ

(૨) દીપુ સંતોષભાઈ કુશ્વાહ રહે.ગલી ન.૮ આંબેડકનગર મેમ્કો નરોડા અમદાવાદ

(૩) પ`તાપસિહ ધર્મપાલસિહ સિકરવાર (રાજપુત) રહે.ડી ૩૦૫ નૈયા એપાર્ટમેંટ રામોલ ટોલ પ્લાજા પાસે રામોલ અમદાવાદ

(૪) હર્ષ બલબીરસિહ સિકરવાર (રાજપુત) રહે.ડી ૩૦૫ નૈયા એપાર્ટમેંટ રામોલ ટોલ પ્લાજા પાસે રામોલ અમદાવાદ

વોંટેડ આરોપીઓ:

(૧) અશોક રહે.ખેરવાડા

(૨) વિજયસિહ રહે. નિકોલ અમદાવાદ

ગુનાની જગ્યા :

આરોપી ન.૧ ના કબ્જા ભોગવટાવાળા મકાન મ.ન.૧૪ ન્યુ કમલેશ પાર્ક સોસાયટી, ઇંડીયન ઓક્ષીજ્ન ની સામે, અર્બુદાનગર ઓઢવ અમદાવાદ

પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ ૨૨૯ કિ.રુ.૯૪,૧૧૯/ (૨) મોબાઈલ ફોન નંગ ૫ કિ.રુ.૧૦૫૦૦/ (૩) રોક્ડા નાણા ૫૩૦/ (૪) ઓટો રિક્ષા ન.જીજે ૨૭ ટીએ ૬૫૪૯ કિ.રુ.૯૦૦૦૦/ (૫) એક્ટીવા નં.જીજે ૨૭ સી.આર.૬૨૬૯ કિ.રુ.૨૫૦૦૦/ મળી કુલ્લે કિ.રુ.૨,૨૦,૧૪૯ /- મુદામાલ






પીસીબી

" ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ મકાનના ઉપરના માળે આવેલ ઓરડીના છાપરા ઉપર સંતાડેલ વિદેશી દારુની બોટલો નંગ- ૨૧૬ કિ.રુ.૩૦,૧૧૦/- મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી."



મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે તથા પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી ના માર્ગદર્શન હેઠળ તા.૨૪.૫.૨૧ રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અહેકો શૈલેષ દેવાભાઈ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે વોંટેડ આરોપી ઈમરાન ઉર્ફે ઈમુ અબ્દુલભાઈ મણીયાર (સંધી) ના કબ્જાવાળા રહેણાક મકાન મહાવીર ફલેટની અંદર જમીલ મસ્જીદ પાસે ગોમતીપુર અમદાવાદ શહેર ખાતે પંચો સાથે રેઈડ કરી સદર મકાનની ઉપરના માળે આવેલ ઓરડીના પતરાવાળા છાપરા ઉપર પ્લાસ્ટીકના મેણીયા નીચેથી ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ ૨૧૬ કિ.રુ૩૦,૧૧૦/ નો મુદામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી ગોમતીપુર પો.સ્ટે.ખાતે પાર્ટ સી ૧૧૧૯૧૦૧૮૨૧૦૯૪૦.૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

વોંટેડ આરોપી:

(૧) ઈમરાન ઉર્ફે ઈમુ અબ્દુલભાઈ મણીયાર (સંધી) રહેવાસી- મહાવીર ફલેટની અંદર જમીલ મસ્જીદ પાસે ગોમતીપુર અમદાવાદ શહેર

ગુનાની જગ્યા : આરોપી ઈમરાન ઉર્ફે ઈમુ અબ્દુલભાઈ મણીયાર (સંધી) ના કબ્જાવાળા રહેણાક મકાન મહાવીર ફલેટની અંદર જમીલ મસ્જીદ પાસે ગોમતીપુર અમદાવાદ શહેર ઉપરના માળે આવેલ ઓરડીના પતરા ઉપરથી

પકડાયેલ મુદામાલ : (૧) ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ ૨૧૬ કિ.રુ. ૩૦,૧૧૦/- મુદામાલ

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૧૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૪૭ લીટર દેશી દારૂ, ૨૮૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૧૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૧૬/૨૦૨૧**

ઓઢવઃ રાહુલભાઇ ઉમેદભાઇ ઠાકોર (ઉ.વ.૨૧)(રહે.બાપા સિતારામ મંદીર પાસે ગામ-કુહા તા-દસ્ક્રોઇ જી.અમદાવાદ) તા.૨૪/૦૫/૨૦૨૧ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ મંગલમ આર્કેડ સી.યુ.એચ.હોસ્પીટલ પાસે આવેલ એક્સીસ બેંકમા છુટ્ટા રૂપિયા લેવા ગયા હતા ત્યારે બેંકમા એક અજાણ્યો પુરૂષ રાહુલભાઇને મળેલ અને તેને બેન્કના કર્મચારીની ઓળખ આપી છુટ્ટા રૂપિયા અપાવવાનુ કહી રાહુલભાઇ પાસેથી રૂપિયા ૪૦,૦૦૦/- મેળવી લઈ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ રાહુલભાઇ ઠાકોરે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૯૧૭/૨૦૨૧**

કાગડાપીઠઃ ચિરાગ ચંદ્રકાન્તભાઇ પટેલ (રહે.આદિત્ય આવાસ ઓમશાંતિનગર પાછળ લાંભા-વટવા કેનાલ રોડ નારોલ) એ તા.૨૪/૦૫/૨૦૨૧ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૧ કલાક ૧૦/૦૦ થી તા.૨૪/૦૫/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન કાંકરીયા વાણિજ્ય ભવન આગળ પરબ પાસે આવેલ કાંકરીયા મલ્ટી લેવલ પાર્કીંગમાંથી પિત્તળના નોઝલ નંગ-૫૩ કિમત રૂપિયા ૯૫,૪૦૦/- અને પાણીના પાઇપના બીડના વાલ્વ નંગ-૫ કિમત રૂપિયા ૨૪,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૯૧૮/૨૦૨૧**

શહેરકોટડાઃ જશુબહેન રજુજી વાઘેલા (ઉ.વ.૫૪) (રહે. લક્ષ્મીપુરાની ચાલી મારૂતી એસ્ટેટ સામે મરાઠી સ્કુલની બાજુમાં નરોડા રોડ) તા.૨૪/૦૫/૨૦૨૧/૧૯ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે મારૂતી એસ્ટેટના દરવાજા પાસે આવેલ હનુમાજીના મંદિર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષામાં આવેલ બે પુરૂષોએ જશુબહેનને પોતે મેલડી માતાના ભુવા હોવાની ઓળખ આપી વિશ્વાસમાં લઇ જશુબહેને પહેરેલ સોનાની કાનની બુટ્ટી નંગ-૨ દસ રૂપિયાની ચલણી નોટમાં મુકાવી પડીકુ વાળી યુક્તિ-પ્રયુક્તિ કરી જશુબહેનની નજર ચુકવી બીજુ પડીકુ આપી તમારૂં સારૂ થશે આ પડીકુ ઘરે જઈને ખોલવાનુ કહી દાગીનાવાળુ પડીકુ લઈ જતા રહ્યા હતા. આ અંગેની ફરીયાદ જશુબહેન વાઘેલાએ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

રામોલઃ વર્ષાબહેન વા/ઓ મહેશભાઈ પટેલ (ઉ.વ.૨૫) (રહે. સમીરનગર મહેશ્વરીનગર વિભાગ-૨ તક્ષશીલા સ્કુલની બાજુમાં ઓઢવ) તા.૨૦/૦૫/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે રબારી કોલોની ચાર રસ્તા, અજય ટેનામેન્ટના નાકેથી શટલ ઓટો રીક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ અન્ય પુરૂષે વર્ષાબહેનની નજર ચુકવી થેલામાંથી સોનાની બુટી કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડા રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી લઈ વર્ષાબહેનને રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વર્ષાબહેન પટેલે તા.૨૪/૦૫/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૧૯/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટઃ મોહમંદસોહિલ કાદરભાઇ શેખ (ઉ.વ.૨૪)(રહે.જગન્નાથ મંદિર પાસે ચર્ચની ચાર હજારીની પોળની બાજુમાં જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૫/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા સ્કાઇલાઇન આગળ રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી